## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**લો આ થેલી, ચાલતા જાવ... જ્યાં સુધી અર્થતંત્ર પાટે ન આવે ત્યાં સુધી વાહનનો ઉપયોગ કરવાનો નહીં... લાગે છે સરકાર આ દંડની રકમથી મંદીને નાથવાની છે...**








## ચ-૩ ખાતે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સેવા કેન્દ્ર કાર્યરત

મા અંબાના દર્શન કાજે પદયાત્રા કરી જતા ભાવિકો માટે શહેરમાં વિવિધ જગ્યાએ સેવા કેન્દ્રોની શરૂઆત થઈ છે ત્યારે બીજેપી, ગાંધીનગર મહાનગર દ્વારા નગરના ચ-૩ સર્કલ પાસે આધુનિક પદયાત્રી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પદયાત્રીઓ માટે વિવિધ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સેવા કેન્દ્ર ૨૪ કલાક તા. ૩ થી તા. ૯ સુધી કાર્યરત રહેશે. શહેરના ચ-૩ સર્કલ ખાતે ગાંધીનગર મહાનગર દ્વારા આધુનિક પદયાત્રા સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે આરતી કરી કરાયું હતું. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલ, ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રદેશ અગ્રણી તરૂણભાઈ બારોટ, પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ સહિત મ્યુનિ. કોર્પોરેટર્સ માર્ગદર્શન પુરું પાડનાર મંત્રીઓ કનુભાઈ દેસાઈ, ઋચિર ભટ્ટ, હોદેદારો, સિનીયર સિટીઝન, મહિલા મોરચાની બહેનો તથા જિલ્લા તેમજ મહાનગરના કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે ઉપાધ્યક્ષ ઉરેનભાઈ પટેલ, વિનોદભાઈ ઉદેચા, ગૌરાંગભાઈ વ્યાસ તથા રેખાબેન રાવલ દ્વારા વિશિષ્ટ સેવા પુરી પાડવામાં આવી હતી.

# વિનયન કોલેજમાં ઐતિહાસિક સિક્કા-દસ્તાવેજોનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૪

જયારથી માનવ સંસ્કૃતિમાં વિનિમયનું માધ્યમ 'નાણું' બન્યું છે ત્યારથી નાણાંનું સ્વરૂપ ચલણી સિક્કા સ્વરૂપે વધુ વપરાયું છે અને આ સિક્કાઓનું સ્વરૂપ વિવિધ કાળમાં સતત બદલાતું રહ્યું છે. આ બદલાતા સ્વરૂપને પગલે સંગ્રહના શોખીનો માટે સિક્કા હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. દેશમાં અનેક સંગ્રહકારો પાસે અતિદુર્લભ કહેવાય તેવા સિક્કાઓ મોજુદ છે જેની કિંમત બજારમાં અધધ કહી શકાય તેટલી અંકાતી હોય છે. ગાંધીનગરના સેકટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજ ખાતે આવા ઐતિહાસિક સિક્કાઓ તથા મહેસુલી દસ્તાવેજોનું ત્રિદિવસીય પ્રદર્શન યોજાયું હતું.




સરકારી વિનયન કોલેજના ઈતિહાસ વિભાગ દ્વારા આયોજિત આ પ્રદર્શન સાથે 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે વકતવ્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજયના દફતર ભંડારના નિવૃત્ત અધિક્ષક જીતેન્દ્ર શાહે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી સાથેનું વકતવ્ય આપ્યું હતું તેમજ સંશોધન કાર્યોમાં અભિલેખોની ઉપયોગિતા સમજાવી હતી. ઐતિહાસિક સિક્કાઓ અંગે પ્રો. તસ્નીમ શેખે માહિતી આપી હતી જયારે મંજુરહુસેન શેખ દ્વારા સિક્કાપ્રદર્શનના આયોજન માટે સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય ડૉ. આર.બી. કોઠારીએ સ્વાગત પ્રવચન કર્યું હતું જયારે સમાપને અધ્યાપક રાજેશ ભાભોરે આભારવિધિ કરી હતી. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં પ્રદર્શન તથા વકતવ્યને માણ્યું હતું.




# શિક્ષક અને શિક્ષણનો સાચો મર્મ સમજાવતી "પ્રભુભાઈની પાઠશાલા"

### સેક્ટર-૩માં છેલ્લાં ૩ વર્ષથી એક રીક્ષાચાલક તથા એક દંપતિના પ્રયાસથી ચાલતા જરૂરિયાતમંદ વર્ગના બાળકો માટેના શિક્ષણ વર્ગો

ગાંધીનગર, તા. ૪

ભારતભરમાં તા. ૫મી સપ્ટેમ્બર ''શિક્ષક દિવસ'' ઉજવાશે. જોકે શિક્ષક દિવસની શાળાકીય કે સરકારી ઉજવણી સામે ગાંધીનગરમાં ચાલી રહેલો એક અનોખો શિક્ષણ યજ્ઞ ''શિક્ષક''ના સાચા મહત્વને વધુ સુપેરે સમજાવી રહ્યો છે. આ શિક્ષણ યજ્ઞ પ્રભુભાઈ કબીરા નામના ઓછુ ભણેલા અને રીક્ષા ચલાવતા યુવાન દ્વારા એક દંપતિના સહયોગથી ચલાવવામાં આવી રહ્યોં છે જે શહેરના સેક્ટર-૩, ૪ અને ૩-ન્યુ જેવા છેવાડાના વિસ્તારના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોમાં શિક્ષણની ભૂખ જગાડી તેમને ''શિક્ષિત'' કરી તેમના ભાવિને અંધકાર તરફથી તેજોમય જીવન તરફ લઈ જવાના ઉદ્દેશને સાકાર કરવાના પ્રયાસ સમાન છે.

સેક્ટર-૩માં સુવિધા કચેરી પાછળ ફુટપાથ પર પાથરણા પાથરી ''ઉપર આભ, નીચે ધરતી''ની સ્થિતિમાં છેલ્લાં ૩ વર્ષથી દરરોજ સાંજે નિયમિત રીતે ૬ થી ૮ વાગ્યા દરમ્યાન ''પ્રભુભાઈની પાઠશાલા'' ચાલે છે. પોતે ઓછુ ભણી શક્યા હોવાથી ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો શિક્ષણથી વંચિત રહી પોતાની જેમ જીવનમાં પાછળ ના પડી જાય તે હેતુથી પ્રભુભાઈ પોતાના રીક્ષાચાલક વ્યવસાયનો સાંજનો પીકઅવર્સ ધંધો ગુમાવીને પણ આ બાળકોને ભણાવવાનું કામ કરે છે. આ સદકાર્યમાં તેમને સચિવાલયમાં કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટરનું કામ કરતા હસુમતિબેન ધમેરિયન અને તેમના કેબ ડ્રાઈવર પતિ સંજયભાઈનો સાથ પ્રાપ્ત થયો છે. આ દંપતિ પણ સાંજના સમયે પોતાના નોકરી વ્યવસાયને કોરણે મુકી આ સેવાયજ્ઞમાં પોતાના પ્રયાસરૂપી આહુતિ હોમી રહ્યા છે. સારા કાર્યને ઈશ્વર હંમેશા મદદ કરે છે તે ન્યાયે આ પાઠશાળાને દાતાઓની મદદ મળી રહે છે જેના થકી અહી ભણતા પચાસેક બાળકોને દફતર, નોટબુક-ચોપડા, કંપાસ-પેન-પેન્સિલ વગેરે પુરા પાડવામાં આવે છે. જો કે આ સેવા ભેખધારીઓ રોકડ દાન લેવાનુ ટાળી તેમની શુદ્ધ દાનતનો પરિચય પણ આપી રહ્યા છે.



પ્રભુભાઈ દ્વારા ચલાવાતી શાળાને શરૂ કરવાનો વિચાર જ્યારે પ્રભુભાઈને આવ્યો ત્યારે તેમણે હસુમતિબેન અને સંજયભાઈને વાત કરી અને બંનેએ મદદરૂપ થવાની તત્પરતા દાખવી પછી સૌથી અઘરૂ કામ બાળકોને ભણવા બોલાવવાનું હતુ જે માટે તેઓએ ઝુંપડે ઝુંપડે ફરી ફરીને વાલીઓને સમજાવતા ત્યારે માંડ ત્રણ કે ચાર બાળકો આવતા હતા જે આજે હવે ૫૦ની પાર પહોંચ્યો છે. આ પાઠશાળામાં બાળકોને શાળા શિક્ષણની સાથે મદદરૂપ થવાના હેતુથી ગણિત-વિજ્ઞાન-અંગ્રેજી જેવા મહત્વના વિષયો ઉપરાંત ચિત્રકળા, ગીત-સંગીત વગેરે પણ ભણાવાય છે અને સપ્તાહમાં એકવાર ગરમ નાસ્તો તથા ક્યારેક નાનકડી પિકનિક પણ કરાવાય છે. શિક્ષણ કાર્યમાં હવે તેમને મનુભાઈ મકવાણા, વિરેન્દ્રભાઈ મોદી વગેરેનો સહયોગ પણ મળી રહ્યો છે. આ ઉપરાંત તેઓ બાળકોના આરોગ્યનો ખ્યાલ પણ રાખી તેમને તેમાં ખૂબ મદદરૂપ થઈ રહ્યાં છે. પ્રભુભાઈની આ પાઠશાળા સાચા અર્થમાં ગાંધીનગરમાં દરરોજ ''શિક્ષક દિવસ'' ઉજવી રહી છે.

**''હું ઓછુ ભણેલો હોવાથી મારી જીંદગીમાં મારે ઘણુ વેઠવુ પડ્યુ છે, આ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને તે પરિસ્થિતિનો સામનો કરવો ના પડે તે હેતુથી મેં આ કાર્ય આરંભ્યુ છે.'' પ્રભુભાઈ કબીરા**

### ક્રિકેટર બ્રેટ લીએ અપોલો હોસ્પિટલ ખાતે

# એડલ્ટ કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે હીયરિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ

ગાંધીનગર, તા. ૪

ઓસ્ટ્રેલિયાનાં ભૂતપૂર્વ ક્રિકેટર અને કોકલિયરનાં ગ્લોબલ હીયરિંગ એમ્બેસેડર બ્રેટ લી બુધવારે શહેરની પ્રતિષ્ઠિત અપોલો હોસ્પિટલ્સમાં હીયરિંગ સેન્ટરનું ઉદઘાટન કરવા માટે આવ્યાં હતાં. અહીં તેમણે બહેરાશ ધરાવતાં લોકોનું નિદાન કરવા અને સંભવિત સારવાર કરવા માટેના જરૂરિયાતો પર ભાર મૂક્યો હતો. શહેરનાં અગ્રણી ઈએનટી નિષ્ણાત ડૉ. રાજેશ વિશ્વકર્મા (ડાયરેક્ટર-પ્રોફેસર એન્ડ હેડ, ઈએનટી વિભાગ તથા હેડ એન્ડ નેક સર્જરી, અપોલો હોસ્પિટલ, અમદાવાદ પણ ગુજરાતમાં બહેરાશ સાથે સંબંધિત આ સમસ્યા વિશે ચર્ચામાં બ્રેટ લી સાથે જોડાયા હતા.




આ પ્રસંગે બ્રેટ લીએ કહ્યું હતું કે, ''હું આ પ્લેટફોર્મનો ઉપયોગ સાંભળવાની ક્ષમતા ગુમાવવાની વૈશ્વિક સમસ્યાનું સમાધાન કરવા ઈચ્છું છું કારણ કે હું દ્રઢપણે માનું છું કે, દરેક વ્યક્તિને જીવનમાં શ્રવણક્ષમતા ધરાવવાનો અધિકાર છે. આ દુનિયામાં કોઈ પણ વ્યક્તિને બહેરાશ સાથે જીવવાની જરૂર નથી. બહેરાશની સારવાર થઈ શકે છે અને આ સમસ્યા વ્યક્તિને સંપૂર્ણ અને સક્રિય જીવન જીવવાથી વંચિત ન રાખવી જોઈએ.''

વિશ્વ આરોગ્ય સંસ્થાનાં જણાવ્યા મુજબ, દુનિયામાં ૫ ટકા લોકો - અથવા ૪૬૬ મિલિયનથી વધારે લોકો સાંભળવાની ક્ષમતા ધરાવતાં નથી. જો નિવારણાત્મક પગલાં ન લેવામાં આવે, તો વર્ષ ૨૦૫૦ સુધીમાં ૯૦૦ મિલિયનથી વધારે લોકો આ સમસ્યાથી પીડિત હશે. તેમ છતાં મોટાં ભાગનાં લોકો એની સારવારનાં અત્યાધુનિક વિકલ્પોથી અજાણ છે. ગુજરાતમાં ૧.૯૦ લાખથી વધારે લોકો વધતા - ઓછા અંશે બહેરાશની સમસ્યાથી પીડિત છે.

આ ઉદાત્ત આશય સાથે પોતાનાં જોડાણ વિશે બ્રેટ લીએ કહ્યું હતું કે, ''બહેરાશ પર જાગૃતિ લાવવા કોકલિયર સાથે મને જોડાણ કરવા પર ગર્વ છે. અમે બહેરાશ સાથે સંબંધિત સમસ્યા પર જાગૃતિ લાવવા કામ કરીએ છીએ, જેથી આ સમસ્યાથી પીડિત લોકોને મદદ મળશે. હું છેલ્લાં ચાર વર્ષમાં ભારતનાં વિવિધ શહેરોમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવનાર સેંકડો લોકોને મળ્યો છે. જેમ બાળકના જન્મ પછી પ્રથમ થોડા મહિનાઓમાં એની શ્રવણક્ષમતાનું નિદાન કરાવવું ફરજિયાત છે, તેમ આ સમસ્યાથી પીડિત પુખ્ત વયનાં લોકોમાં કોકલિયર પ્લાન્ટ કરાવવું જરૂરી છે.'' કેરળ દેશમાં પ્રથમ રાજ્ય છે, જ્યા ૬૧ સરકારી મેટરનિટી સેન્ટર્સમાં બાળકો માટે આ પરિક્ષણ દ્વારા કરવામાં આવે છે.

## બાપુનગર પદયાત્રી મંડળ દ્વારા સેવા કેન્દ્ર શરૂ કરાશે

ભાદરવા મહિનાની શરૂઆત થઈ ગઈ છે. ભાવિકો જગદંબાના દર્શન કાજે પગપાળા અંબાજી જઈ રહ્યા છે ત્યારે શહેરમાં વિવિધ જગ્યાએ સેવાકેન્દ્રો શરૂ થઈ ગયા છે. જેમાં બાપુનગર પદયાત્રી મંડળ દ્વારા સતત ૨૦માં વર્ષે તા. ૫ સપ્ટે.થી ૮ સપ્ટે. સુધી રાંધેજા ચોકડી પાસે સેવાકેન્દ્રનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ચા, કોફી, સંપૂર્ણ જમવાનુ, મોબાઈલ ચાર્જીંગ જેવી વિવિધ સેવાઓ અપાશે. બાપુનગર પદયાત્રી મંડળ દ્વારા સતત ૨૦મા વર્ષે ૫ સપ્ટેમ્બરથી ૮ સપ્ટેમ્બર સુધી સેવાકેન્દ્રનું આયોજન વિષ્ણુભાઈ બેન્કરનો બોર જીઆઈડીસી રોડ રાંધેજા ચોકડી, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. જ્યાં પદયાત્રીઓએ માટે ચા, કોફી, નાહવા માટે પાણી, સંપૂર્ણ જમણ, ફીઝીયોથેરાપી-મેડીકલ કેમ્પ, મોબાઈલ ચાર્જીંગ તથા રાત્રી વિસામાની વ્યવસ્થા કરવામાં આવી છે.



ગણોશોત્સવ વિસર્જન નિમિત્તે કુડાસણ ખાતે આવેલ ઉગતી હાઈટ્સ સોસાયટીમાં અન્નકૂટ યોજાયો હતો. જેમાં સોસાયટીની મહિલાઓનો સંપૂર્ણ ફાળો રહ્યો હતો. મોટી સંખ્યામાં ભાવિકોએ હાજર રહી અન્નકૂટના દર્શન કર્યા હતા.

## સાર્વજનિક ગણેશોત્સવમાં જે.બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશચતુર્થીના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જે.બી. પ્રાથમિક શાળાના કુલ ૩૨ બાળકો જોડાયા હતા. બાળકોએ 'વો પલ આઝાકી દે' થીમ આધારિત દેશભકિત નૃત્યનાટીકા અને 'જન્માષ્ટમી મહોત્સવ' આધારિત ડાન્સ રજુ કરી પ્રેક્ષકગણને મનોરંજન પુરું પાડયું હતું.

આ પ્રસંગે માનનીય ડામોર સાહેબ (ગુજરાત સરકારના અગ્રસચિવ) અને ગાંધીનગર કોંગ્રેસ કમિટીના સી.જે. ચાવડાએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા તથા શાળાના આચાર્ય નીવબેન પટેલે અને સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે કાર્યક્રમની અદભૂત રજૂઆત બદલ તમામ બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

# અસંતુલિત અને બિન-પોષ્ટિક ખોરાક એટલે કેન્સર અને હૃદયરોગને આમંત્રણ

### ગુજરાત સાયન્સસિટી ખાતે ન્યુટ્રીશન વીકની ઉજવણીમાં પ્રોફેસર દિપ્તી ચોક્સીનું મંતવ્ય

ગાંધીનગર, તા. ૪

એમ.જી.સાયન્સ કોલેજના પ્રોફેસર દિપ્તી ચોકસીએ ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ ન્યુટ્રીશન વીકની ઉજવણી દરમીયાન ઈન્ટરેકટીવ સેશનમાં જણાવ્યુ કે કેન્સર અને હ્રદયરોગ સહીત લાઈફસ્ટાઈલ ડીસીઝ ઝડપથી ફેલાઈ રહયા છે તેનુ મુખ્ય કારણ અસંતુલિત અને બિન પૌષ્ટિક આહર છે. સાયન્સ સીટી ખાતે ૧ સપ્ટેમ્બર થી ૭ સપ્ટેમ્બર નેશનલ ન્યુટ્રીશન વીકની ઉજવણી ચાલી રહી છે ત્યારે આ વિષય પર ૧૫૦ શાળાના વિદ્યાર્થીઓએ આ ચર્ચા વિચારણાનો ભાગ લીધો હતો.



આધુનિક યુગમાં સંતુલિત પૌષ્ટિક આહાર પર ભાર મુકતા પ્રો.ચોકસી એ જણાવ્યુ હતુ કે સારા પરિવારના લોકો પણ અસંતુલિત આહારને લીધે મૃત્યુ પામે છે. કેન્સર પણ અપૌષ્ટિક ખોરાકની આદતોને લીધે થાય છે તેનાથી બચવા અને તેનો સામનો કરવા હળદર, લસણ, તાજા ફળો જેવા એન્ટી કેન્સર ફુડ દરરોજ ખોરાકમા લેવા જરુરી છે. જંક ફુડને કયારેય પ્રોત્સાહન ન આપવુ જોઈએ તેમ જણાવતા તેમણે વિદ્યાર્થીઓને દરરોજ દુધ પીવા જણાવ્યુ હતુ કેમકે દુધ સંપુર્ણ ખોરાક છે.



પ્રો. ચોકસીએ વિદ્યાર્થીઓએ કયા કેમ અને કેવી રીતે ખાવુ તે ટેવ વિશે પણ જણાવ્યુ હતુ. તેમણે ઉમેર્યુ કે માણસ માત્ર એવુ પ્રાણી છે જે ભુખ વગર પણ ખાય છે. સ્કુલના વિદ્યાર્થીઓએ જમતી વખતે મોબાઈલ કે ટીવી જોવાનુ ટાળવુ જોઈએ. તમે તમારા જમવાનુ સાતત્ય ખોઈ દો છો. તમે કયા તો વધુ જમો છો કે ઓછુ જમો છો બન્નેમાથી એક પણ યોગ્ય નથી.

સેશનની અંતમાં તમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વાત યાદ કરાવાઈ હતી. ''પૃથ્વી બધાની જરુરીયાત સંતોષી શકે તેટલુ આપે છે, બધાની લાલચ સંતોષી શકે તેટલુ નહી.''


## ધાનેરા નગરપાલિકા

**ઓનલાઈન ટેન્ડર**

**જાહેર નિવિદા-૨૦૧૯**

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકાના સ્વભંડોળમાં લેવામાં આવેલ ધાનેરા શહેરની ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત બાકી રહી ગયેલ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની કામગીરી, ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ઘર જોડાણો આપવા અંગેની કામગીરી, ધાનેરા શહેરની ભૂગર્ભ ગટર યોજના વાર્ષિક સંપૂર્ણ મરામત અને નિભાવણીનું કામ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૯/૯/૨૦૧૯ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૯/૯/૨૦૧૯થી તા. ૨૬/૯/૨૦૧૯ના રોજ ૧૮/૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૨૬/૯/૨૦૧૯ના રોજ ૧૮/૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ) પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફીસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૨૮/૯/૨૦૧૯ સાંજે ૫/૦૦ વાગ્યા સુધી |
| ૪ | ટેન્ડર ઓપનીંગ | તા. ૩૦/૯/૨૦૧૯ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાની મળી શકશે.

**એસ.એમ. અન્સારી** મુખ્ય અધિકારી નગરપાલિકા ધાનેરા — **વસંતીબેન વી. ગલચર** ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા — **યુસુફખાન એમ.બેલીમ** પ્રમુખ નગરપાલિકા ધાનેરા